ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# મનપામાં રાજકીય શીતયુદ્ધ પરાકાષ્ટાએ

**સે. ૨૨માં બગીચાના નવીનીકરણની વાતને લઈ કમિશનર અને સ્થાયી સમિતિના ચેરમેન જ અજાણ : આ મુદ્દે જવાબદાર અધિકારી સામે પગલાં લેવા સ્થાયી સમિતિના ચેરમેને કમિશનર વ ચેરમેનને પત્ર લખ્યો**

ગાંધીનગર, તા. ૨૧

સ્માર્ટસીટી પ્રોજેક્ટ અંતર્ગત સે. ૨૨ના બગીચાના નવીનીકરણ માટેની કામગીરીના આજે યોજાયેલ ખાતવિધિએ એક નવો વિવાદ ઉભો કર્યો છે.

આ ખાતવિધિમાં સ્માર્ટસીટી પ્રોજેકટના અમલીકરણ માટે બનાવાયેલ કમિટીના મેમ્બર્સને તેમજ સેક્ટરના અગ્રણીઓને પણ તેનાથી દૂર રાખવાના અભિગમને લઈ સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાએ એક પત્ર મ્યુનિ. કમિશનરને લખ્યો છે.

આ પત્રમાં ચાવડાએ આ પ્રોટોકોલનો ભંગ કરનાર અધિકારી તેમજ એજન્સી સામે પગલાં લેવાની માંગ કરી છે. ચાવડાએ પત્ર લખતાં પૂર્વે કમિશનર સાથે ટેલિફોનિક વાતચીત કરી ત્યારે તેઓ આ વાતથી સંપૂર્ણ અજાણ હોવાનું જણાવી આશ્ચર્ય પ્રગટ કરી કહ્યુ હતુ કે તેમની જાણમાં આવી કોઈ જ વાત છે નહિ.

ચાવડાએ જવાબદાર અધિકારી સામે આપ સ્માર્ટસીટી લિ.ના ચેરમેન છો તો દિન-૭માં પગલાં લો તેવી અમારી સ્પષ્ટ માંગ છે. ગાંધીનગર શહેરમાં વહીવટીય પાંખ અને ચૂંટાયેલી પાંખ વચ્ચેનું શીતયુદ્ધ હવે ગંભીર સ્વરૂપ લેશે તેમ મનાઈ રહ્યુ છે. વહીવટીય પાંખ ચૂંટાયેલી પાંખ વચ્ચે સંકલનનો સતત અભાવ એ ઉડીને આંખે વળગે છે. આ સંકલનના અભાવથી ઉભી થયેલી પરિસ્થિતિએ અનેકવિધ વિવાદો ઉભા થયા છે.

આખા રાજ્યમાં એક તરફ સુશાસન દિવસની ઉજવણી કરવાનું આયોજન ગાંધીનગરથી થઈ રહ્યુ છે ત્યારે ગાંધીનગર શહેરમાં જ સુશાસનની ભાવનાના લીરા ઉડતાં જણાઈ રહ્યાં છે.

# સેક્ટર-૨૨ના અગ્રણી વેપારી કિર્તીભાઈ સુખડીયાનું માર્ગ અકસ્માતમાં કરૂણ મૃત્યુ

**ઊંઝાથી ઉમિયા માતાના લક્ષ્યચંડી યજ્ઞના દર્શન કરી પરત ફરતા શહેરના સુખડીયા પરિવારને અકસ્માત નડ્યો : બેને ગંભીર ઈજા : કિર્તીભાઈના મૃત્યુથી વેપારી આલમમાં ઘેરા શોકની લાગણી પ્રસરી**

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરમાં રહેતા સુખડીયા પરિવાર પર મોટી આફત આવી છે. ગઈકાલે ઉંઝા ઉમિયા માતાના દર્શન કરી ઉંઝાથી પરત ફરતા સુખડીયા પરિવારનો આજે વહેલી પરોઢે કાર અકસ્માત થતા નગરના વેપારી અગ્રણી કીર્તીભાઈ સુખડીયાનુ ઘટના સ્થળે કરૂણ મોત નિપજયુ



હતુ. તેમના પત્ની ભાવનાબેનને પણ માથાના ભાગે આ અકસ્માતમાં ગંભીર ઈજા થવા પામી છે. સે-૨૧ વૃન્દાવન સ્વીટ માર્ટના ચેતનભાઈ સુખડીયાને પણ ગંભીર ઈજા થતા બન્ને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે અમદાવાદની સાલ હોસ્પલિયમાં ખસેડવમાં આવ્યા છે. આ ઘટનાથી શહેરના વેપારીઆલમમાં પણ ઘેરા શોકની લાગણી વ્યાપી છે. જયારે વર્ષોથી વેપારીઓ તેમજ નગરજનો સાથે ઘનિષ્ટ નાતો ધરાવતા વેપારી કીર્તીભાઈના મૃત્યુના સમાચાર સાંભળતા જ સેકટરોના શોપિંગમાં વેપારીઓ પણ આઘાતમાં સરી પડયા હતા. તેમના મૃત્યુના સમાચારથી વેપારીઓ તેમજ નગરજનોએ દુખની લાગણી વ્યકત કરી છે.

ગાંધીનગરના સુખડીયા પરિવાર પર આભ ફાટયુ છે. શહેરમાં સે-૨૨, ૩ ,૭ અને સે-૨૧ માં વન્દાવન સ્વીટ માર્ટની દુકાન ધરાવતા સુખડીયા પરિવારને ગઈકાલે પરોઢીયાના સમયે અકસ્માત નડતા સે-૨૨ ની બ્રાન્ચમાં બેસતા કીર્તીભાઈ સુખડીયાનુ રાંધેજા પાસે સર્જાયેલા અકસ્માતમાં કરૂણ મોત નિપજયુ છે. અકસ્માતમાં તેમના પત્ની અને ભત્રીજાને ગંભીર હાલતમાં અમદાવાદ સ્થિત સાલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા છે. ગઈકાલે બપોરે આ પરિવાર ઉંઝા સ્થિત ઉમિયા માતાના મંદિરે દર્શન અર્થે ગયો હતો. જયારે વેહલી

● અનુસંધાન પાન-૭ પર

## સે-૨૧ વૃન્દાવન સ્વીટમાર્ટના ચેતનભાઈ અને કિર્તિભાઈના પત્નીને પણ ગંભીર ઈજા

ગાંધીનગરની રાંધેજા ચોકડી પાસે સર્જાયેલા આ અકસ્માતમાં નગરના અગ્રણી વેપારી કીર્તીભાઈનુ અવસાન થતા શહેરના વેપારીઆલમ સહીત સેકટરવાસીઓમાં ઘેરા શોકની લાગણી વ્યાપી છે. શહેરનો સુખડિયા પરિવાર શોકાતુર બન્યો છે. એક જ પરિવારમાં એક સભ્યનુ મૃત્યુ થયુ છે.જયારે કાર ચાલક ચેતનભાઈ તેમજ કીર્તીભાઈના પત્ની ભાવનાબેનને પણ માથાના ભાગે ગંભીર ઈજા થવા પામી છે. સે-૨૧ વૃન્દાવન સ્વીટ માર્ટના ચેતનભાઈ સુખડીયા પણ આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયા છે. તેમને પાંસળીના ભાગે ગંભીર ઈજા થવા પામી છે. જયારે તેમને અમદાવાદની સાલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા છે. વહેલી સવારે થયેલા આ અકસ્માત બાદ ચેતન ભાઈના પત્ની નિકીતાબેને પોતાના કાકા સસરા પ્રકાશભાઈને ફોન કરી અકસ્માત અંગે જાણ કરી હતી. જાણ થતા જ તેઓ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યા હતા. જયાં નિકિતાબેને જણાવ્યુ હતુ કે સામેથી આવતી કારની લાઈટના કારણે મારા પતિ અંજાઈ ગયા હતા જેથી કાર ઝાડ સાથે અથડાઈ હતી.

## ઘટના સ્થળે ડોકટરે પમ્પીંગ કર્યુ પરંતુ..

વેહલી સવારે આ અકસ્માત સર્જાયો ત્યારે પાછળ આવતી ડોકટરની કાર પણ ઘટના સ્થળે ઉભી રહી હતી અને ગંભીર રીતે ઘવાયેલા કીર્તીભાઈને પમ્પીંગ કરવાનો પ્રયાસ કરાયો હતો. જયારે ૧૦૮ ની ટીમે પણ પ્રયાસ કર્યો હતો. પરંતુ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પહોંચતા ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

## કિર્તીભાઇનો પુત્ર આજે દુબઇથી પરત આવશે ત્યારબાદ અંતિમવિધિ થશે

આ અકસ્માતમાં મૃત્યુ પામેલા ગાંધીનગરના અગ્રણી વેપારી કીર્તીભાઈનો પુત્ર બ્રિજેશ હાલ દુબઈ ફરવા ગયા છે. ઘટના અંગે મૃતકના પરિવારજનોએ તેમને જાણ કરી દીધી છે. રવિવારે પુત્ર બ્રિજેશ દુબઈથી પરત આવશે ત્યારબાદ તેના પિતા કીર્તીભાઈના અંતિમસંસ્કારની વિધી કરવામાં આવશે. સમગ્ર ઘટનાના પગલે શહેરના વેપારીઓ સહીત નગરના અગ્રણીઓમાં ઘેરા શોકની લાગણી વ્યાપી છે.

# શહેરના ‘ગ’ અને ‘ખ’ માર્ગ આસપાસ ટ્રીમીંગ આરંભાયું

**રંગબેરંગી ફુલો નિખરશે : સેકટરોના એપ્રોચ માર્ગો આસપાસ પણ નમી પડેલા વૃક્ષોના તોતિંગ ડાળાની કટોતી : ગ અને ખ માર્ગ આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તારની સફાઇ પણ કરાશે**



ગાંધીનગર તા ૨૧

શહેરના ગ અને ખ માર્ગ આસપાસ વન આરક્ષિત જગ્યામાં સફાઈ તેમજ વૃક્ષોનુ ટ્રીમીંગ હાથ ધરાયુ છે. આ રૂટમાં આવતા સેકટરોના એપ્રોચ માર્ગ પર પણ વૃક્ષોનુ ટ્રીમીંગ કરવામાં આવી રહ્યુ છે. આ વિસ્તારમાં કેટલાક સુકા અને નમી પડેલા વૃક્ષો પણ જોખમી હાલતમાં હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે નમી પડેલી વૃક્ષોની તોતિંગ ડાળીઓના લીધે સ્ટ્રીટ લાઈટનુ અજવાળુ પણ માર્ગ પર પથરાતુ નથી. સ્થાનિક રહીશો પણ આ પ્રકારના વૃક્ષોનુ ત્વરિત ટ્રીમીંગ કરવામાં આવે તે અંગે વારંવાર રજુઆત કરતા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# અન્ડર પાસ માટે ટુંકમાં ટ્રાફિકને ડાયવર્ઝન અપાશે

ગાંધીનગર તા ૨૦

શહેરના મુખ્ય ઘ અને ચ માર્ગ પર ઘ-૪ તેમજ ગ-૪ જંકશન પર અન્ડર પાસ બનાવાની કામગીરી હાથ ધરાઈ છે. અન્ડર પાસના આયોજનને અનુલક્ષી ઘ-૪ જંકશન પર સર્કલ દુર કરી હાલ લાઈન ખસેડવા માટે કામગીરી આખરી થઈ રહી છે. ત્યારે આગામી દિવસોમાં લાઈન દુર કરવાનુ કામ પુર્ણ થયા બાદ ટુંકમાં જ ૬ મીટર ઉંડુ ખોદકામ કરવામાં આવશે. જયારે આ કામગીરીને અનુલક્ષી ટ્રાફિકને ડાયવર્ઝન આપવા માટે પણ આયોજન કરાયુ છે. સે-૧૬ તરફ ટ્રાફિકના ડાયવર્ઝન માટે રસ્તો તૈયાર કરાયો છે. તંત્રના અધિકારીઓ તેમજ પોલીસ આ મામલે સ્થળ નિરિક્ષણ કરી ટ્રાફિક ડાયવર્ઝન માટે આખરી આયોજન કરશે.

**૬ મીટર ઉંડુ ખોદકામ કરાશે : સે-૧૬ તરફ ડાયવર્ઝન આપવા રસ્તો તૈયાર : તંત્રના અધિકારીઓ અને પોલીસ સ્થળ મુલાકાત લઇ ટ્રાફિકની અવરજવર સરળ રહે તે મુજબ આયોજન કરશે**

શહેરના હાર્દસમા વિસ્તારમાં અન્ડર પાસ બનાવવા માટે પ્રાથમિક કામગીરી હાલ ચાલી રહી છે. ઘ- ૪ વિસ્તારમાં અન્ડરપાસની કામગીરીને અનુલક્ષીને જરૂરી લાઈન બદલવા માટે કામગીરી પુર્ણતાના આરે છે. આ વિસ્તારમાંથી સર્કલ દુર કરીને સ્વર્ણિમ પાર્કને સળંગ બનાવવા માટે પણ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે હવે ટુંકમાં જ જાહેરનામા મુજબ ટ્રાફિકને ડાયવર્ટ કરવા માટે આયોજન કરાશે. આ માટે સે-૧૬ તરફના માર્ગ પર ટ્રાફિકને ડાયવર્ઝન આપવા માટે પણ આયોજન કરી દેવાયુ છે. જયારે આ કામગીરી અન્વયે જરૂર પડશે તો ટ્રાફિકને થોડા દિવસો માટે વન વે પણ કરી દેવાશે. હાલ મોટાભાગની લાઈન ખસેડવાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે કેબલો દુર કરવાની કામગીરી ચાલી રહી છે. તંત્રના અધિકારીઓએ પી આઈ સાથે વિસ્તારનુ નિરિક્ષણ

● અનુસંધાન પાન-૭ પર

# અંબાપુરની વાવ અને મહુડીને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરવા સૂચના આપતા કલેક્ટર

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં અંબાપુરની વાવ તેમજ પ્રસિદ્ધ જૈન તીર્થધામ મહુડીને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા અંગેનો શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરવાની સૂચના જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ આપી છે.

આજે જિલ્લા પ્રવાસન સમિતિની મળેલ બેઠકમાં આ સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે આગામી દિવસોમાં વિકસાવવા માટેનું આયોજન પણ તૈયાર કરવાની સૂચના આપી હતી.

આ બેઠકમાં અગાઉ રૂપાલ, સાદરા અને અંબોડના વિકાસ માટે લેવાયેલા પગલાં તેમજ તેના વિકાસ કામોની પણ સમીક્ષા કરવામાં આવી હતી.

જિલ્લામાં પ્રવાસન સ્થળો વિકસાવવા માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧૦ કરોડની ગ્રાન્ટ દરેક જિલ્લા હસ્તક મુકવામાં આવે છે. આ ગ્રાન્ટનો ઉપયોગ અને સ્થળના વિકાસ માટેની પસંદગી જિલ્લા પ્રવાસન સમિતિ દ્વારા કરવામાં આવે છે જે નોંધનીય છે.

# રાષ્ટ્રીય શિક્ષણ નિતીમાં હાની કરતી બાબતો દુર કરવા પ્રાથમિક શિક્ષક સંઘની રજુઆત

**ગાંધીનગરમાં ઘરણા કર્યા : સાતમા પગાર પંચની અમલવારી સહીતના મુદ્દે આવેદનપત્ર સુપ્રત કર્યુ : પ્રશ્નોનો ઉકેલ નહીં આવે તો રેલી અને વિરોધ પ્રદર્શન કરાશે**




ગાંધીનગર તા ૨૧

જુની પેન્શન યોજના ચાલુ કરવા નવી રાષ્ટ્રીય શિક્ષણ નિતીમાં શિક્ષકોને હાનિ કરતી બાબતો દુર કરવા સહીતના વિવિધ રાષ્ટ્રીય તેમજ સ્થાનિક પ્રશ્નો મામલે શિક્ષકોમાં રોષ પ્રવર્તયો છે. જયારે આગ બબુલા બનેલા શિક્ષકોએ આજે ગાંધીનગર ગાંધીનગરમાં ધરણા કર્યા હતા. આ અન્વયે પ્રાથમિક શિક્ષકા સંઘ દ્વારા તમામ જિલ્લામાં ધરણા અને આવેદનપત્રો એનાયત કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. પ્રાથમિક શિક્ષકોના પ્રશ્નોનુ યોગ્ય નિરાકરણ નહીં આવે તો રાજય સંઘ દ્વારા રેલી ધરણા અને પ્રદર્શન કરવામાં આવશે તેવી ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

પ્રાથમિક શિક્ષણ સંઘના પ્રમુખ મીઠાલાલ પટેલે જુની પેન્શન યોજના ત્વરિત શરૂ કરવા છઠ્ઠા પગારપંચની વિસંગતતા દુર કરીને સાતમાં પગારપંચની અમલવારી, તમામ રાજયના ફીક્ષ પગારના શિક્ષકો પેરા શિક્ષકો,

● અનુસંધાન પાન-૭ પર

# પર્યાવરણ જાળવણીના એક્શન પ્લાન માટે તંત્ર ગંભીરતા દાખવે : કલેક્ટર

**લેન્ડ ફિલ્ડ સાઈટ્સ પ્લાસ્ટીક વેસ્ટ, મેડીકલ વેસ્ટ સહિતના વેસ્ટ નિકાલ માટે કામગીરી ઝડપી બનાવો**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાના પર્યાવરણની જાળવણી માટેનો એક્શન પ્લાન તૈયાર કરવાની બાબતમાં સંબંધિત વિભાગો ગંભીરતા દાખવી અને તે માટેનું અપડેશન કરવામાં આળસ ન દાખવે તેવી ગંભીર ચેતવણી આજે જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ આજે પ્રદૂષણ નિયંત્રણ અંગેની બેઠક દરમ્યાન આપી હતી.

જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક બાદ તુરત જ આ અંગેની બેઠક કલેક્ટર કચેરીમાં યોજાઈ હતી.

જિલ્લા કલેક્ટર આર્યએ લેન્ડ ફિલ્ડ સાઈટ્સના મુદ્દે સૌને ગંભીરતાથી કામગીરી કરવાનો સંકેત આપતાં જણાવ્યુ હતુ કે સોલિડ વેસ્ટનું એકત્રીકરણ કરી અને તેનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ થાય તેમજ તેનુ રેગ્યુલર મોનીટરીંગ થાય અને વિગતવાર એન્ટ્રીઓ થાય તે જોવું.

તેમણે પ્લાસ્ટીક વેસ્ટના નિકાલ બાબતે પણ દાખવવામાં આવી રહેલી ઉદાસીનતાને લઈ નારાજગી વ્યક્ત કરી હતી. ડૉ. આર્યએ મેડીકલ વેસ્ટના નિકાલ બાબતે પણ તંત્રને ટપાર્યુ હતુ અને સંવેદનશીલ બની આ દિશામાં કામગીરી કરવામાં આવે તેમ કડક શબ્દોમાં જણાવ્યું હતું.

ડૉ. આર્યએ જણાવ્યુ હતુ કે નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલે જે માપદંડો નિયત કરેલા છે તેમાં સ્હેજ પણ કચાશ સાંખી લેવાશે નહિ. તેમણે કહ્યુ કે પર્યાવરણની જાળવણી માટે તંત્ર કટીબદ્ધ છે.

ગટરોના વ્યવસ્થાપન મુદ્દે પણ તેમણે તંત્રને ટપારી કામગીરી ઝડપી બનાવવા જણાવ્યુ હતુ. ડૉ. આર્યએ જણાવ્યુ હતુ કે સાબરમતી નદીને કે તેના કિનારાને સ્વચ્છ રાખવાની જવાબદારી આપણા સૌની છે.

કન્સ્ટ્રક્શન વેસ્ટના નિકાલ માટે પણ જે ઉદાસીનતા દાખવવામાં આવી રહી છે. તેને લઈ કલેક્ટરે સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી.





www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯ મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮, E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN® | ashirvad | Jaquar experience bathing | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર. ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬ સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com